सा विद्या या विमुक्तये

# શારદ

વર્ષ ૨૭ | એપ્રિલ -૨૦૦૮ | અંક - ૫

## વાલીઓને.....

આજની શિક્ષણ પધ્ધતિએ અનેક સમસ્યાઓ ઉભી કરી છે. છેલ્લા ઘણા સમયથી દરરોજ એક કે બે વિદ્યાર્થીઓએ આત્મહત્યા કર્યા હોવાનાં સમાચારથી સમાજમાં આજે આ પ્રશ્ન ગંભીર બની ગયો છે. મા-બાપની અપેક્ષાઓ, આગ્રહો, દબાણો અને અનેક પ્રકારની ગેરસમજને કારણે તેમજ આજે જે ગેરવ્યવસ્થા ઉભી થઈ છે તેમાં ગોઠવાવા માટેની મથામણને કારણે આવા બનાવો બનતા રહે છે.

શિક્ષણકાર્યનું નિરૂપણ તો બાળકનાં ઘડતર માટેનાં પુરૂષાર્થ તરીકે થવું જોઈએ પરંતુ તેની ક્ષમતાનો વિકાસ કરવાને બદલે બાળક જાણે કે એક નિર્જીવ પદાર્થ હોય તે રીતે વિવિધ આયોજન ને ઉપકરણો દ્વારા કંઈક યાંત્રિક રીતે એક કોઈપણ પ્રકારના પૂર્વનિર્ધારિત ઘાટ આપવાનો પ્રયત્ન થાય છે. આમ કરવા પાછળનો વાલીનો હેતુ બાળકના વિકાસનો છે પરંતુ તેની સમજ ખોટી છે. બાળકને ડોકટર, ઈજનેર, વકીલ જેવા વ્યવસાયિક અને લબ્ધ પ્રતિષ્ઠિત ધંધા માટે તૈયાર કરવા પ્રવૃત્તિ શરૂ થાય છે તે માટેના ઉપાયો યોજવામાં આવે છે, દબાણ કરવામાં આવે છે અને બાળકને તેમાં રસ છે કે કેમ ? તે જોયા સિવાય વાલી પોતાની ઈચ્છા મુજબ તેનું ઘડતર કરવાના પ્રયત્નોમાં લાગી જાય છે. આ માટે સતત અંકુશ મૂકવામાં આવે છે. બીનજરૂરી શિક્ષણનું એક ભારે શક્તિશાળી પરિબળ બની જાય છે.

એક શિક્ષણકાર આ અંગે જણાવે છે કે હંમેશા અંકુશ અનિવાર્ય રીતે પ્રતિકાર કરતો હોય છે. તે કુદરતી પ્રક્રિયાને ભૂલીને પોતાનાં પ્રયત્નોમાં મશગૂલ રહે છે અને આથી સમગ્ર પ્રક્રિયા ઘર્ષણયુક્ત ને તણાવયુક્ત બની જાય છે.

બાળકને એક કુમળા છોડની માફક ઉછરવા દેવું જોઈએ. તેને અનુકૂળ હવામાન અને ખાતર આપવાની જવાબદારી વાલીની બની જાય છે. આ માટે વાલીએ જાગૃત થઈ જે કાંઈ યોગ્ય હોય તેવા સાધનનો ઉપયોગ કરીને જ તેનો ઉછેર કરવો જોઈએ.

આજે બાળક સામાજિક જીવનથી અલગ થઈ ગયું છે. પ્રસંગોમાં મહાલવાની તેની હાજરી જ જાણે બંધ થઈ ગઈ છે, તેને જે શોખનાં વિષય હોય તેમાં જવા માટેનાં તેનાં બારણાં બંધ થઈ જાય છે. પરીક્ષા, ગુણ, પ્રવેશ આ શબ્દો જ શિક્ષણમાં સંભળાતા થઈ ગયા છે. આ કમનસીબી જેટલી વહેલી દૂર કરી શકીશું તેટલું તે બાળક માટેના ફાયદા રૂપ છે પણ સમાજે આ માટે તંદુરસ્ત ભૂમિકા ઉભી કરવાની છે. બાળકને આનંદ માણવા દો. તેને રસમય જે વાંચન હોય તે કરવા દો.તેને જે રમતમાં રસ હોય તે તેને રમવા દો. આપણા આગ્રહ બાળક ઉપર ન લાદીએ તો બાળક પોતાના માટે જરૂરી જવાબદારી સમજી અદા કરશે. સંઘર્ષનો સામનો કરવાની તાકાત તેનામાં આવશે. આ દિવસ જેટલો નજીક આવશે તેટલું બાળકનું અને સમાજનું ભલું થશે.

દિનુભાઈ દવે
ના વંદન

## સ્મૃતિચિત્રો

### સૌજન્યમૂર્તિ શ્રી બાબુભાઈ જશભાઈ પટેલ

આજથી ૪૦ વર્ષ પહેલાં સંસ્થાના શ્રીલંકા જવાના કાર્યક્રમનું આયોજન થયું ત્યારે અમને આનંદ એ વાતનો હતો કે રેલ્વેએ યાત્રિકો માટેનો કોચ અમને આપેલો. અમારી પાસે પાસપોર્ટ ને વીઝા પણ તૈયાર હતા અને ફોરેન એક્ષચેંજ પણ. પ્રવાસની ટિકિટ પણ અમે સમયસર કઢાવી હતી. અને પાંચેક અઠવાડિયાનાં આ પ્રવાસ માટે અમે ઉત્સાહથી થનગનતા હતા.

પ્રવાસીઓની સંખ્યા સીત્તેર જેટલી અને પ્રવાસ પણ પાંચ અઠવાડિયાનો હતો. તે વખતે રાજયમાં તેલની નિકાસબંધી હતી અને યાત્રાળુઓની જરૂરીયાત સમજી તેલના ડબા રાજ્ય બહાર લઈ જવા માટે પણ પુરવઠા ખાતાની પરમીટ લેવી જરૂરી હતી.

તે સમયે રાજયનું સચિવાલય પાંજરાપોળ સામે હાલ જયાં પોલિટેકનીકનું મકાન છે ત્યાં હતું. પ્રવાસ અગાઉ પંદરેક દિવસ પહેલાં જરૂરી દસ્તાવેજ સાથે આ માટે અરજી પણ કરી હતી.

પ્રવાસ ઉપડે તેના ત્રણેક દિવસ પહેલાં તે પરમીટ લઈ જવા માટે મને જણાવવામાં આવેલું પરંતુ ભારતનાં રાષ્ટ્રપતિ શ્રી ઝાકીરહુસેનનું અવસાન થયેલું હોઈ સચિવાલય બંધ હતું. બીજે દિવસે હું પરમીટ લેવા ગયો તો મને જણાવ્યું કે આવતીકાલે લઈ જજો, મેં તેમને એ જ વખતે જણાવ્યું હતું કે પરમદિવસે સવારે અમારો પ્રવાસ ઉપડતો હોઈ પરમીટ જો તૈયાર નહીં હોય તો મને મુશ્કેલી પડશે ત્યારે મને ખાત્રી આપવામાં આવી કે પરમીટ આવતી કાલે અવશ્ય તૈયાર થઈ શકશે.

તેમણે કહયા મુજબ હું બીજે દિવસે ગયો ત્યારે મને જણાવ્યું કે 'પરમીટ તૈયાર છે પણ સાહેબ આવ્યા ન હોઈ સહી કરવાની બાકી છે.' મેં તેમને મારી મુશ્કેલી જણાવી, તેમણે એક જ વાત કરી 'સાહેબ આવ્યા ન હોઈ હું કંઈ કરી ન શકું.'

તે સમયે મંત્રીશ્રીઓની ઓફિસો પણ આ જ મકાનમાં આવેલી હતી. અને પૂરવઠા ખાતાના મંત્રીશ્રી બાબુભાઈ પટેલ હતા. મેં તેમને મળવા માટે કાર્ડ મોકલ્યું, કે તાત્કાલિક તેમણે મને અંદર બોલાવ્યો ને મારી વાત શાંતિથી સાંભળી, તેમણે પોતાના અધિકારીને બોલાવ્યા ( બનતા સુધી આ અધિકારીનું નામ મથુરાદાસ હતું.) શ્રી બાબુભાઈએ મથુરાદાસને અમારા પ્રવાસની વિગતો કહી અને તેમની સામે જોયું. આ અધિકારી માત્ર એટલું જ બોલ્યા હતા, 'હમણાં જ પરમીટ મળી જશે.'

શ્રી બાબુભાઈએ મને પોતાની ઓફિસમાં બેસાડયો અને પાંચેક મિનિટમાં પરમીટ મારા હાથમાં તેમણે સોંપી. મેં ભારે રાહતનો શ્વાસ લીધો શ્રી બાબુભાઈનો આભાર માન્યો ત્યારે તેમણે કહયું, 'તમે નિયમસર બધું કર્યું છે. આ માટેનો તમને અધિકાર છે.' આજે પણ આવા અભિગમથી લાગે છે કે સૌજન્યપૂર્ણ સેવક એક સુવાસ મૂકી જાય છે !

દિનુભાઈ દવે

## આપણી મહત્વાકાંક્ષાનો અતિરેક !

'અરે નંદિતા ! તેં છાપામાં વાંચ્યું ? હવે બાળકો એક મિનિટમાં બસો શબ્દો વાંચી શકશે. અધધધ ! શું શોધખોળ થવા માંડી છે ! મેં તો મારા વંદિતને અલોહાના વર્ગમાં મૂકયો ત્યારે મને એવો ડર હતો કે આવડો અમથો છોકરો ગણિતની આટલી બધી ગણત્રીઓ આમ આટલી જલ્દી કેવી રીતે કરી શકશે ? અરે ! મગજ ગાંડુ ન થઈ જાય ! મગજને Strain નપડે !... ગણિતનાં પેપરમાં સોમાંથી એંસી પંચ્યાસી માર્ક્સ તો હું કેટલી મહેનત કરાવીને મરી જાઉં ત્યારે લાવે છે ને આ અલોહાના વર્ગો ભરવા માંડયાં ને કોણ જાણે શું જાદુ શીખી આવ્યો, બોલો ત્યાં તો આગળ ને આગળ નામ કાઢવા માંડયો, જાણે મગજમાં કોમ્પ્યુટર જ ન બેસાડયું હોય ? લોકો ય ખરું જાતજાતનું શોધી કાઢે છે.... અને હવે આવ્યું છે આ અંગ્રેજીનું....

સારું થયું.. હવે તો અંગ્રેજીનું ય ચલણ કેટલું બધું વધ્યું છે ? અરે ? મેં તો મારા બાબાને ગુજરાતી મીડિયમમાં મૂકયો છે તે તમે માનશો ? કેટકેટલા લોકો મને સતત પૂછયા કરે છે ? 'શું વાત કરો છો ? તમે આટલા ભણેલા ગણેલા ને વળી છોકરાને ગુજરાતી મીડિયમમાં મૂકયો છે ? એના ભવિષ્યનો વિચાર ન કરવો જોઈએ ? કાલ ઉઠીને એ મોટો થઈને તમને દોષ દેશે કે તમે કેમ મને ઈંગ્લીશ મીડિયમમાં ન ભણાવ્યો ? ભાઈ... સમય સાથે તાલ મિલાવીને તો ચાલતા શીખો..અંગ્રેજી મીડિયમમાં છોકરો ન ભણ્યો હોય તો ચાર જણા વચ્ચે બિચારો કેવો ઝાંખો પડી જાય ! એને ય મૂંઝવણ ન થાય ! લે..મને તો આ છાપામાં સમાચાર વાંચ્યા ને બહુ જ આનંદ થયો હતો. આ વેકેશનમાં વંદિતને આ અંગ્રેજીનાં વર્ગમાં જ મૂકી દેવાની છું... ગણિતમાં તો પારંગત થઈ ગયો.. હવે અંગ્રેજીમાં પારંગત થઈ જાય... એટલે આપણે તો ગંગા નાહ્યા.. છોકરાં એકદમ હોંશિયાર થઈ જાય એનાથી વધુ રૂડું શું ?...'

હજી તો પરીક્ષાના પેપર્સ શરૂ પણ થયાં ન હતાં. બિચારાં છોકરાં એ ગોખણપટ્ટીમાંથી ઉંચા જ નથી આવ્યાં એ પહેલાં મમ્મીઓની મંડળીમાં છોકરાંઓનાં વેકેશનનાં પ્લાન આમ શરૂ થઈ જાય છે. કોક વળી પૂછવા આવે છે, 'કેમ વેકેશનમાં તમે કોઈ શિબિર કે વર્ગો કરવાનાં નથી ? છોકરાં બિચારા વેકેશનમાં કરે શું ? લગભગ બે મહિના સુધી છોકરાં કેવા કંટાળી જાય છે ?'

'છોકરાં કંટાળી જાય છે કે માબાપ કંટાળી જાય છે ?' મને પૂછવાનું મન થાય છે. રોજ તો સ્કૂલ હોય એટલે કશો વાંધો નથી આવતો પણ વર્ષમાં માત્ર બે જ મહિના એવા હોય કે જેમાં બાળક મુક્ત મને તેની મનગમતી પ્રવૃત્તિ કરી શકે, મિત્રોને મળી શકે, રમતો રમી શકે, સગાસંબંધીઓ સાથેનો પ્રમ માણી શકે, ઈતરવાંચન માણી શકે, ચિત્ર, સંગીત, હસ્તકલા, ઉદ્યોગ વિગેરે પર હાથ અજમાવી શકે, ગૃહકાર્ય શીખી શકે, ઘરની જવાબદારી ઉપાડતાં શીખી શકે, આમેય આજના બાળકોનું જીવન ટીવી અને ફક્ત અભ્યાસને કારણે ઘણું બેઠાડું થઈ ગયું છે અને તેને કારણે સ્થૂળતાનો પ્રશ્ન પણ વધી રહ્યો છે ત્યારે શારીરિક કસરત મળે તેવી ખુલ્લી હવામાં કસરત અને રમવાની ખૂબ જરૂરીયાત ઉભી થઈ છે, તે જ રીતે જીવનમાં હૃદયની શાંતિ અનુભવવા માટે ચિત્ર કે સંગીત જેવી એકાદ કલા પણ હસ્તગત કરવાની પણ જરૂર ખરી જ જે જીવનભર કામ લાગે છે, વેકેશન એ એક જ સમયગાળો એવો છે કે જે દરમ્યાન આને માટે સમય ફાળવી શકાય પણ તેવા વખતે ય આજની મહાત્વાકાંક્ષી માતાઓ તો તેમના બાળકને વળી પાછી બૌધ્ધિક કસરતમાં જ મોકલવાનું પ્લાનીંગ કરી નાંખે છે, બિચારા એ બાળકના વેકેશનનું શું ? રજાની મઝા કે પછી સજા !ભાઈબંધો સાથે રમવાની મઝા, ભાઈભાંડુના ઘેર જઈને ધીંગામસ્તી કરવાની મઝા એ બધાંથી તો એ બિચારા વંચિત રહેવાનાં જ પણ વેકેશન આખું ય વેઠ કરી કરીને સ્કૂલ ખુલે ત્યારે એમના મોં જુઓ તો જાણે જરાએ પ્રફુલ્લિત ન લાગે, કયાંથી લાગે ? આપણે એમની પાસે ચાવીવાળા રમકડાંની જેમ કામ જ કરાવ્યાં કરીએ તો ! નાનકડાં મગજની શક્તિનો વિચાર આપણે કરીએ છીએ ખરાં - માતાઓની મહાત્વાકાંક્ષાની ય કયાં હદ હોય છે !

**ઊર્મિલા શાહ**

## સંસ્થાનું ગૌરવ

આપણી શાળાના કમ્પ્યૂટર વિભાગના કન્વીનર શ્રી સાકેતભાઈ દવેએ DOECC દ્વારા લેવાતી 'O' અને 'A' લેવલની પરીક્ષાઓમાં જ્વલંત સફળતા પ્રાપ્ત કરી છે. કમ્પ્યૂટર વિષયના લેખક તરીકે તેમનાં બારેક પુસ્તકો પ્રકાશિત થઈ ચૂકયાં છે. ગુજરાત એજ્યુકેશન બોર્ડના પાઠયપુસ્તક મંડળમાં પણ તેઓ પરામર્શક તેમજ અનુવાદક તરીકેની સેવાઓ આપે છે. તેમની આ સિધ્ધિઓ બદલ શાળા ગૌરવ અનુભવે છે. તેમને અભિનંદન અને ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છા.

## બાળક એટલે નિર્દોષતા

બાળકનો જન્મ થયા પછીની માબાપની સૌથી પહેલી ને સૌથી મોટી મૂઝવણ એના નામકરણની હોય છે. બાળકનું આધુનિક, કર્ણપ્રિય ને અર્થપૂર્ણ નામ પાડવા માટે ભારે મથામણ કરવામાં આવે છે. આ માટે માબાપ ઉપરાંત ઘણી વાર તો સગાંવહાલાંની મોટી ફોજ કામે લાગતી હોય છે. કેટલીક વાર બહારના નિષ્ણાતોની પણ મદદ લેવાય છે. નામાવલિઓની તૈયાર ચોપડીઓ પણ મળે છે. આમ છતાં નામ પાડયા પછી જેવું જોઈતું હતું એવું જ નામ પાડયાનો સંતોષ ભાગ્યે જ કોઈ માબાપને થતો હશે. કેટલાક કિસ્સાઓમાં તો પાડેલા નામના ઉચ્ચાર કરવામાં કે અર્થ યાદ રાખવામાં માબાપને મહેનત કરવી પડે છે. આવાં નામ સાથે પછી સહેજે સગપણ રાખ્યા વગર માણસ જિંદગીભર જીવ્યે જ જાય છે. પરંતુ એકેએક બાળકનું સાર્થક કોઈ નામ હોય તો તે 'નિર્દોષતા' છે. બાળકોને લાગુ પડતાં તમામ વિશેષણોમાં એકેએક બાળકને લાગુ પડતું વિશેષણ 'નિર્દોષ' છે. અખિલ બ્રહ્માંડમાં પૂર્ણ નિર્દોષ કેવળ ઈશ્વર અને બાળક બે જ છે. નિર્દોષતા ઈશ્વરનું રૂપ છે. આ રૂપથી મઢીને ઈશ્વર મનુષ્યને આ સૃષ્ટિ પર મોકલે છે.

જન્મતી વખતે હિટલર ને વિવેકાનંદ સરખા જ નિર્દોષ હોય છે ! પરંતુ દુનિયાનો જાદુ કંઈક એવો છે કે ઈશ્વરના રૂપને અકબંધ રાખી શકાતું નથી. લોહીના કણેકણમાં નિર્દોષતા લઈને જન્મેલા બાળકની નિર્દોષતા કયારે હાથતાળી દઈને જતી રહે છે તેની સરત રહેતી નથી.

શૈશવની 'નિર્દોષતા' જિંદગીભર અકબંધ રહે એવો કીમિયો માનવજાતે શોધવો રહ્યો. કેન્સરનો ઉપાય શોધવાનું માનવજાત માટે જેટલું મહત્વનું છે એટલું જ મહત્વનું સ્વચ્છ મન ને હૃદય લઈને જન્મેલા મનુષ્યની નિર્દોષતાની રક્ષા માટેનું અભેદ્ય કવચ શોધવાનું પણ છે.

-સંકલન

**સ્વયંશિક્ષણદિનના પ્રતિભાવ અંગે.**

સ્વયંશિક્ષણદિન નિમિત્તે વિદ્યાર્થીઓએ ખૂબ સરસ રીતે અનુભવો આલેખ્યાં છે. ચિ.પૂર્વા, મૌલિ, કરન અંગ્રેજી મીડિયમમાંથી અને ગુજરાતીમાંથી સોપારકર હેમ, હેલી, દલાલ યશ્વી, શાહ સોનિયા, મહેતા રોશની વિ.નાં પ્રતિભાવો સુંદર હતા.

# સંસ્થાકીય સમાચાર

## બાલમંદિર

તા.૨૭-૨-૦૮ને બુધવારે તાલીમનાં બાળકો માટે ચિત્રસ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. બાળકો રંગ અને રેખામાં તન્મય થઈ ગયાં, સૌએ પોતપોતાની રીતે સુંદર ચિત્રો બનાવ્યાં અને પોતાની અભિવ્યક્તિ રજૂ કરી દરેક ટુકડીના વિજેતા બાળકોને બિરુદ આપીને બિરદાવવામાં આવ્યાં.

તા.૧-૩-૦૮ને શનીવારે વસંતોત્સવની ઉજવણી કરવામાં આવી. માંડવાને ફૂલોથી સુશોભિત કરવામાં આવ્યો. તેમાં નાનકડી બાળાઓએ રંગબેરંગી ચણિયાચોળી ને ઓઢણી પહેરી કૃષ્ણ કનૈયા અને ઋતુઓની રાણી વસંતના ગીતો અભિનય સાથે ગાવાની મઝા માણી. આખોય કાર્યક્રમ ખૂબ સુંદર રહ્યો.

તા.૪-૩-૦૮ને મંગળવારે શિવરાત્રી વિષે બાળકોને સમૂહવાર્તા રૂપે સમજ આપી, તેનું માહાત્મ્ય સમજાવ્યું.

તા.૧૮-૩-૦૮ને મંગળવારે હોળી નિમિત્તે 'ભક્ત પ્રહલાદ' નાટક બાળકોએ ભજવ્યું. બાળકોમાં આવા કાર્યક્રમથી ધર્મના સંસ્કારોનું સિંચન અને ચારિત્ર્યનું ઘડતર થાય છે, બાળકોની અભિનય શક્તિ અને આત્મવિશ્વાસ ખીલે છે, બાળકોએ તેમાં ઉત્સાહભેર ભાગ લીધો, ને ખૂબ સુંદર અભિનય કર્યો.

તા.૧૯-૩-૦૮નાં રોજ હોળી પ્રગટાવી, બાળકોએ હોળી માતાના દર્શન કરી ધાણી ચણા અને ખજૂરનો પ્રસાદ લીધો અને પછી ગુલાબ અને કેસૂડાના પાણીથી હોળી રમ્યા. બાલમંદિરનું આખું ય પટાંગણ રંગગુલાલમય અને આનંદભર્યું બની ગયુ.

તા.૨૭-૩-૦૮ને ગુરવારે તાલીમના બાળકો માટે સુલેખન હરીફાઈ યોજવામાં આવી.

ગુડીપડવાના તહેવાર નિમિત્તે બાળકોને લીમડાનો રસ આપવામાં આવ્યો. બાળકોને લીમડાનાં રસના ફાયદાથી માહિતગાર કર્યા, ચૈત્ર મહિનામાં તેના મહત્વ વિશે સમજાવ્યું. આટલા નાના બાળકો લીમડાનો રસ હોંશભેર પીએ છે. આ રસ બાલમંદિરમાં શિક્ષકબેનો જાતે જ તૈયાર કરે છે.

ચેટીચાંદ વિષે પણ બાળકોને સમજ આપી. બાળકોને રામનવમીના તહેવાર નિમિત્તે અયોધ્યાના રાજા રામ ભગવાનના જન્મ વિશે વિસ્તૃત માહિતી આપી સાથે સ્વામિનારાયણ ભગવાન વિશે પણ માહિતી આપી.

બાલમંદિર 'બ' વિભાગનાં બાળકોએ ખૂબ સુંદર રીતે રંગપૂરણી ચિત્ર હરિફાઈમાં ભાગ લીધો.

વિવિધ પ્રવૃત્તિઓ અને અનેક ઉત્સવોની ઉજવણીમાં આખું ય વર્ષ ક્યાં વીતી ગયું તે પણ ખબર ન પડી. વર્ષના અંતમાં તાલીમના બાળકો માટે વિદાય સમારંભ યોજવામાં આવ્યો. બાળકોએ ખૂબ આનંદથી હોંશભેર મનગમતાં ગીતો ગાયા. માથે રંગબેરંગી ટોપી પહેરી ખૂબ નાચ્યા. કૂદયાં, તેમનાં મોં પર મોટી સ્કૂલમાં જવાનો આનંદ સ્પષ્ટપણે વરતાતો હતો. સૌ કોઈની શુભાશિષ લઈ તેઓએ તેમનાં વહાલા બાલમંદિરની વિદાય લીધી.

★ ★ ★

બાળકને તમારો પ્રેમ આપો, તમારા વિચારો નહિ.

- ખલિલ જિબ્રાન

## શિશુમંદિર

**આંતરગૃહ સ્પર્ધાઓ :**

**ટેબલ ડેકોરેશન : તા.૧૪-૧૨-૦૭**

| | | |
|---|---|---|
| પ્રથમ | હેત ઠક્કર | ગંગોત્રી |
| દ્વિતીય | હેલી સોપારકર | ગંગોત્રી |
| | નિહાલી તેજસભાઈ શાહ | મેઘનાદ |
| તૃતીય | નિહાલી યતીનભાઈ શાહ | ગંગોત્રી |
| | કક્ષા શાહ | રત્નદીપ |
| | અક્ષય દવે | મેઘનાદ |

**સલાડ ડેકોરેશન : તા.૧૪-૧૨-૦૭**

| | | |
|---|---|---|
| પ્રથમ | જીગર પટેલ | રત્નદીપ |
| દ્વિતીય | હેમ સોપારકર | ગંગોત્રી |
| તૃતીય | કલગી શાહ | રત્નદીપ |
| | ખુશી બ્રોકર | મેઘનાદ |
| | ખુશ્બુ ઠક્કર | રત્નદીપ |

વર્ષ દરમ્યાન યોજાયેલ વિવિધ આંતરગૃહ સ્પર્ધાઓનું પરીણામ નીચે મુજબ આવ્યું છે.

| | | |
|---|---|---|
| પ્રથમ | ગંગોત્રી | ૧૯૧ |
| દ્વિતીય | મેઘનાદ | ૧૪૧ |
| તૃતીય | ધવલગિરિ | ૧૨૧ |
| ચતુર્થ | રત્નદીપ | ૧૧૨ |

તા.૧૯-૩-૦૮ના રોજ હોળી નિમિત્તે વસંતઋતુ તથા હોળીના ગીતોનો કાર્યક્રમ યોજવામાં આવ્યો. લગભગ સીત્તેરથી ય વધુ જેટલા વિદ્યાર્થી ભાઈબહેનોએ વિવિધ ગીતોની રજૂઆત ખૂબ સરસ રીતે કરી. આખો ય કાર્યક્રમ ખૂબ સફળ રહ્યો.

## શારદામંદિર મોડર્ન સ્કુલ

બ્રિટિશ લાયબ્રેરી દ્વારા આયોજીત 'Big Wild Read' Researches ના grand finale માં શારદામંદિરના ૩૨ બાળકોને બે Performances રજૂ કરવાનું આમંત્રણ મળ્યું હતું. ૧ લી માર્ચે ભાઈકાકા ભવનમાં બાળકોએ ખૂબ ઉત્સાહભેર Performances રજૂ કર્યા. જેમાં બાળકોએ જુદા જુદા Animal ના mask અને પર્યાવરણને લગતાં Puppet નો ઉપયોગ કરી સમાજને સંદેશો (message) આપતા Performances રજૂ કર્યા. જે બીજી શાળાઓની રજૂઆત સાથે ખૂબ પ્રશંસનીય રહ્યાં.

જાન્યુઆરી મહિનામાં સ્વામી વિવેકાનંદ જયંતિ નિમિત્તે ધો.૭ અ અને ધો.૭ બ નાવિદ્યાર્થીઓએ વિવેકાનંદના જીવનના પ્રસંગો ગુજરાતીમાં અને ધો.૭ E ના વિદ્યાર્થીઓએ અંગ્રેજીમાં ખૂબ સુંદર રીતે રજૂ કર્યા.

શાળાના પ્રાર્થનાહોલમાં બાળકોએ બનાવેલ જુદા જુદા વિષયોના પ્રોજેક્ટસ પ્રદર્શિત કરવામાં આવ્યા.

ધો.૫-૬-૭ના વિદ્યાર્થીઓએ પાઠ્યપુસ્તકોનાં આધારે નાનકડી સ્કીટસ્ તૈયાર કરી રજૂ કરી જેનાથી તેમની અભિનય શક્તિ અને English Conversation ની શક્તિનો વિકાસ સધાય તે હેતુને લક્ષમાં રાખવામાં આવ્યો.

★★★

મોટા ભાગના બાપ પોતાનો પુત્ર - પોતે જે કદી ન કરી શકયા હોય એવું કરી બતાવે એવો આગ્રહ રાખતા હોય છે.

- (પિતૃતર્પણ)

## વિનયમંદિર

વર્ષ દરમ્યાન યોજાયેલ વિવિધ આંતરગૃહ સ્પર્ધાઓનું પરિણામ નીચે મુજબ આવ્યું છે.

| | | |
|---|---|---|
| પ્રથમ | ગીતગોવિંદ | ૧૬૮ |
| દ્વિતીય | ચંદ્રમૌલિ | ૧૬૨ |
| તૃતીય | પદ્મપુકુર | ૧૪૫ |
| ચતુર્થ | મેઘદૂત | ૧૨૦ |

તા.૨૫-૨૬એપ્રીલનાં રોજ ધો.૯ ના વિદ્યાર્થી ભાઈબહેનો માટે I.Q.અને Aptitude Test યોજાઈ ગયો.

### અભિનંદન

| સંસ્થા | વિજેતા વિદ્યાર્થી | પારિતોષિક |
|---|---|---|
| | ચિત્ર | |
| ૭ મું ઓલઈન્ડીયા | પ્રિયલ શાહ | મેરીટ એવોર્ડ |
| આર્ટ કોમ્પીટીશન ૨૦૦૭ | રાજવી કાજીવાલા | મેરીટ એવોર્ડ |
| | કરાટે | |
| ગુજરાત સ્ટેટ એમેચ્યોર | પાર્શ્વ ગાંધી | બ્લ્યુ બેલ્ટ |
| ટેકવેન્ડો એસોસીએશન | ધ્રુવ ગાંધી | બ્લ્યુ બેલ્ટ |

**ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષા**

| | | |
|---|---|---|
| ધો.૫ | પ્રથમ | રીચા ભટ્ટ |
| | દ્વિતીય | હેત્વી ઝવેરી |
| | તૃતીય | સમકિત શાહ |

ધો.૬-૭ પ્રથમ વિશાલ હાપલીયા આવ્યાં છે. તે જિલ્લા કક્ષાએ ૨૩-૩-૦૮ના રોજ પરીક્ષામાં બેઠા છે.

★★★

### બાળકના ગુનાના સગડ

પોતાના બાળકને ક્યારેય શારીરિક શિક્ષા ન કરી હોય તેવાં
માબાપો કેટલાં હશે ? સંતાન માટે પથ્થર એટલા દેવ કરનારાં આપણે એની
સાથે હૃદય પર પથ્થર મૂકીને કેમ વર્તી શકતાં હોઈશું ? 'બાળકને વગરવાંકે
તો અમે નહીં જ મારતાં હોઈએ ને ?' - આવો બચાવ આપણે કરી શકીએ.
પરંતુ બાળકને શારીરિક શિક્ષા કરવા અંગેનો કોઈ બચાવ નભી શકે નહીં.
બાળકને કરાતી શારીરિક શિક્ષા કેવળ જંગલીપણું છે.
'બાળકનો વાંક' એટલે શું ? બાળકના વર્તનનો આપણી અપેક્ષાઓ
સાથે મેળ ન ખાય ત્યારે બાળકે ગુનેગારના પાંજરામાં ખડા થવું પડે છે.
પરંતુ આપણી અપેક્ષાઓમાં ફેરવિચાર કરવા જેવું કંઈ છે કે કેમ તેનો આપણે
પહેલાં વિચાર કરવો જોઈએ. બાળકના ગુનાનાં મૂળ આપણામાં ક્યાંક
રહેલાં છે કે કેમ, તેટલું આત્મનિરીક્ષણ કરવાની વૃત્તિ-શક્તિ આપણે
બતાવવી જોઈએ. બાળકને જે કંઈ શીખવવાનું છે તે આપણે વર્તી બતાવીને
જ શીખવવાનું છે અને એટલું જ બાળક શીખવાનું છે. બાળક આપણી
અપેક્ષાઓનો પડઘો ન પાડે ત્યારે એણે કરેલા ગુનાના સગડ આપણા સુધી
નીકળે છે કે કેમ તેની તપાસ પહેલાં કરવી જોઈએ. આપણામાં સુધારવા
જેવું હોય તે સુધારીને જ બાળકના સુધરવાની આશા રાખી શકીએ.
બાળકને પ્રેમનો અર્ઘ્ય જ ઘટે. બાળકને પ્રેમનો અર્ઘ્ય ધરનારાં
ઈશ્વરની પૂજા નહીં કરતા હોય તોય ઈશ્વર બાળકની પૂજામાં પોતાની પૂજા
આવી ગયાની પાકી પહોંચ લખી આપશે એવી મારી શ્રદ્ધા છે.

સંકલન
બાલવંદના

## સંતાનોને સ્વનિર્ભર બનાવીએ

'બેન ! અમારા વર્ગ આગળ ખૂબ કચરો પડયો છે. માખો આવે છે, સાફ કરાવી આપો ને...'

હજી તો રીસેસ માંડ પૂરી થઈ હશે ને બે ત્રણ બાળકો ફરિયાદ લઈને આવ્યા.

'બેટા ! તમને ચોખ્ખું જોઈએ છે ને ! એ માખો કેમ આવી ? તમે તમારો નાસ્તો ઢોળ્યો એટલે ને ? માખોને ય ખાવાનું મન ન થાય ? જુઓ આપણા સાફ કરવાવાળા બેન તો હજી ટીચર્સનાં ચા-પાણીનાં કામમાં રોકાયેલા હોય, એ હમણાં ક્યાંથી સાફ કરશે ? જે કચરો પાડે એણે જાતે જ કચરો સાફ કરી દેવાનો... આપણે એટલા માટે તો દરેક વર્ગમાં જૂની સાવરણીઓ મૂકી જ રાખી છે ને !'

'તે બેન અમે કચરો વાળીએ ?'

'હાસ્તો.. આપણે કચરો કરીએ તો આપણે જ કચરો સાફ કરવો
જોઈએ ને ! કચરો કાઢવો એમાં કાંઈ નાનમ ઓછી જ છે !' આપણને
સ્વચ્છતા ગમતી હોય તો આપણે સ્વાશ્રયી તો બનવું જ જોઈએ ને ! બાળકોને
એકબાજુ આમ હું શ્રમનું ગૌરવ, શ્રમનો મહિમા સમજાવતી હતી ત્યાં તો
એક વાલી આવી પહોંચ્યા.. 'બેન ! શું અમારા છોકરાં સ્કૂલમાં કચરો
વાળવા આવે છે ? અમે એમને ભણવા મોકલીએ છીએ...'

'બેન ! ભણવા તો જરૂર મોકલો છો પણ ગમે ત્યાં કચરો ન
નંખાય એવું શિક્ષણ પણ તમારે આપીને તો મોકલવું પડશે ને ! એ આપણે
માબાપ આપી શકીએ છીએ ખરાં ! રસ્તામાં વેફર્સ ખાતાં ખાતાં એનું રેપર
ગમે ત્યાં નાખવું - સ્કૂલમાં રીસેસમાં દોડતાં દોડતાં નાસ્તો કરવો - ખાધો
એટલો ખાધો ને બાકી બધો ઢોળાય. જો બાળકોનું ઘડતર આ જ રીતે આપણે
સૌ કરવાનાં હોઈશું તો સ્વચ્છતા ક્યાંથી રાખી શકીશું ? અરે ! સ્વચ્છતાની
જ તો માત્ર વાત નથી પણ બાળકને સ્વનિર્ભર બનાવવાની બહુ મોટી
જરૂરીઆત છે. માત્ર ચોપડીમાંનું જ્ઞાન અને પરીક્ષાનાં માર્કથી જ જીવન
નહીં જીવી શકાય, જીવન ને જીવંત રીતે જીવવા તો જીવનનાં ઘણાં ઘડતરની
જરૂર પડશે અને હવે જ્યારે વેકેશનનો ખાસ્સો બે મહિના જેટલો સમયગાળો
આપણી પાસે છે ત્યારે આપણા બાળકને આપણે આટલું શીખવીશું ?

રોજ દૂધ પીને પોતાનો ગ્લાસ જાતે ધોઈ લે, પાણી કોઈની પાસે
ન જ માંગે, સવારે ઊઠીને પોતાની પથારી જાતે સાફ કરે,પોતાના કપડાં
જાતે વ્યવસ્થિત રાખે,પોતાની ચોપડીઓ,ટેબલ બધું જ ગોઠવીને ચોખ્ખું
રાખે, ચોપડીઓનાં પૂંઠા લેબલ જાતે જ કરે, દફતર જાતે તૈયાર કરે, નાસ્તાનો
ડબ્બો જાતે તૈયાર કરે, પાણીનું થરમોસ જાતે ભરે,જરૂર પડે કચરો કાઢતાં
આવડે,જરૂર પડે બાથરૂમ સાફ કરતાં આવડે, જરૂર પડે વાસણ સાફ કરતાં
આવડે, પોતાનું સરનામું કોડ નંબર સાથે વ્યવસ્થિત રીતે લખતાં શીખવો,
ધો.૬-૭માં તો પોસ્ટ ઓફિસ અને પછી બેંકમાં જતાં આવતાં પણ શીખવો,
દીકરો હોય કે દીકરી રસોડામાં પણ શરબત, ચા કે થોડી મદદ કરતા તેમને
શીખવો, મહેમાન આવે ત્યારે પગે લાગી વિવેકથી વાત કરતાં શીખવો.
સંતાનોને તેઓ તેમના કુટુંબના એક અગત્યનાં સભ્ય છે અને તેમની પણ
કુટુંબમાં સૌને જરૂર છે એવી લાગણી એમનામાં ઉભી થાય તો તેમનામાં
ઘણો આત્મવિશ્વાસ પ્રગટે છે અને જીવન જીવવાનું જોમ મળે છે. તેમના
ભણતર સાથે આ ઘડતર પણ એટલું જ મહત્વનું છે.

ઊર્મિલા શાહ

તંત્રી, મુદ્રક પ્રકાશક : દિનુભાઈ દવે, આચાર્ય અને નિયામક,શારદામંદિર, અમદાવાદ-૩૮૦૦૦૭.
EMAIL : sharda.mandir@yahoo.com
Fax : (079) 26622480